## ફોજદારી કેસ નંબર : ૫૫૭/૨૦૨૬

જુનાગઢ ના મહે. બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : જુનાગઢ

### આંક– ૧ લગત હુકમ

ગુન્હો :– બીએનએસ–૨૨૩

**– :: ઠરાવ :: –**

૧. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ પોતાની પાસે પ્લાસ્ટિકનાં બાચકામાં ગેરકાયદેસર રીતે ચાઈનીઝ દોરીની રીલો રાખી મહે.અધિક જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી, જેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશને આપતા આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી, અન્વેષણ કરી તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી આજ હાજર થતા બીએનએસ – ૨૨૩ ના ગુના સબબ પ્લી લેવામાં આવતા જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે તથા કબુલાત પુરસીસથી ગુનો કબુલ હોવાનુ જાહેર કરેલ છે. પોતાની પુરસીસમાં એવી અરજ ગુજારેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેઓને શીરે કુટુંબની જવાબદારી છે તેનું કોઈ ભરણપોષણ કરનાર નથી જેથી રહેમ દૃષ્ટિ રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૩. આરોપીને રુબરુ પુછતા તેઓએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ કે લાલચ વિના હાલની અરજ કરેલ હોય કબુલાત નોંધવામાં આવેલ છે.

૪. કેસની હકીકત જોતા અને કબુલાત પુરસીસામાં જણાવેલ કારણો તથા ૨૦૦૫ (૧) જી.એલ.આર. સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદ ઠાકોરના નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**– :: હુકમ :: –**

(૧) આ કામના **આરોપી–વિક્રમભાઈ દુદાભાઈ ઓડેદરા,** રહે.જુનાગઢને બીએનએસની કલમ–૨૨૩ હેઠળના ગુના સબબ બી.એન.એસ.એસ. કલમ ૨૭૮ હેઠળ તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે દંડ ન ભરે તો દિન–૦૭ (સાત) ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજની લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

(જી.એસ.દરજી)
બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જુનાગઢ
(જીજે ૦૧૪૭૫)

સ્થળ : જુનાગઢ
તારીખ :૧૪/૦૩/૨૦૨૬